# માનનીય કૌશિકભાઈ વેકરિયા સાહેબની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં માનનીય સભ્યશ્રી રમેશભાઇ ટીલાળાના બિનસરકારી સંકલ્પ પરની ચર્ચામાં ભાગ લેવાનો અવસર પ્રદાન કરવા બદલ હું આ સન્માનનીય ગૃહ પ્રત્યે ધન્યવાદ વ્યક્ત કરી મારી આભારની લાગણી પ્રગટ કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય સભ્યશ્રીના સંકલ્પ, વિકસિત ભારત સંકલ્પ યાત્રા પરની ચર્ચામાં ભાગ લેતા મારે આ સન્માનનીય ગૃહમાં મારા કેટલાંક વિચારો રજૂ કરવા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

એક સમય હતો, જ્યારે ભારત સોનાની ચિડિયા કહેવાતું હતું. એક સમય હતો જ્યારે ભારત જ્ઞાનની રાજધાની ગણાતું હતું. પરંતુ વચ્ચેનો કેટલોક સમયગાળો એવો આવ્યો કે આપણે બધી રીતે સંકોડતા ગયા. મોગલોએ અને અંગ્રેજોએ આ દેશને લુંટ્યો. બાકી હતું તો 70 વરસ અણઘડ સરકારોના અણઘડ વહીવટના કારણે આપણી વિકાસયાત્રાની ગાડી પાટા પાર સરખી ન ચાલી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અંધકારના આવા દૌર વચ્ચે વર્ષ 2014 માં સૂર્યનું એક સોનેરી કિરણ ઝગમગતું એવી રીતે બહાર નીકળ્યું કે આ દેશની પ્રજાને લાગ્યુ કે, હવે આ દેશના ભાગ્ય ફરીથી ખુલી જશે. પ્રજાને એવો વિશ્વાસ જાગ્યો કે હવે આ દેશનો વર્તમાન અને દેશનું ભવિષ્ય સુરક્ષિત તો રહેશે જ, પણ મજબૂત પણ બનશે.

**માનનીય દ્યક્ષશ્રી,**

આપણે અત્યારે આઝાદીના અમૃતકાળમાંથી પસાર થઈ રહ્યાં છે. વર્ષ 2047માં આપણે આઝાદીની શતાબ્દિની ઉજવણી કરવાના છીએ. આપણે 135 કરોડની જનતાની આશાઓ અને આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવાની છે અને એ દ્વારા ભારતને પુનઃ મહાન ભારત બનાવવા માટે કટિબદ્ધ થઈ સહિયારા પ્રયાસો કરવાના છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતા આનંદ થાય છે કે, આ સહિયારા પ્રયોસોનું સુકાન, આજે રાષ્ટ્રપુરુષ અને વિકાસપુરુષ એવા આપણાં વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના હાથમાં છે. આજે સદીઓ પછી આપણને એવું નેતૃત્વ મળ્યું છે, જેમણે દેશના વિકાસની વ્યાખ્યા બદલી નાખી છે. "સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ" જેવા સામૂહિક વિકાસના મહામંત્રની ગુંજ ચોમેરથી ઊઠી રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આદરણીય મોદીસાહેબે આપણને વિકસિત ભારતની ગેરંટી આપી છે. 10 માં નંબરની ઈકોનોમીને તેઓ પાંચમાં નંબરે લઈ ગયા છે. હવે એમનું લક્ષ્ય છે, દેશની ઈકોનોમીને વિશ્વની ત્રીજા નંબરની ઈકોનોમી બનાવવાનું. મને વિશ્વાસ છે કે, આ મોદીસાહેબની આપેલી ગેરંટી છે એટલે આ ગેરંટી પૂરી થવાની ગેરંટી છે. આ દેશ 2036નો ઓલમ્પિક યોજવાનું આયોજન કરી શકવા સમર્થ બન્યો છે. આ છે વિકસિત ભારતની નવી તસવીર.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ એ વિકસિત ભારત છે જે ભારત પોતાના જાંબાઝ પાઈલોટ અભિનંદનને 24 કલાકમાં પરત લાવવાની તાકાત ધરાવે છે. આ એ વિકસિત ભારત છે, જે ભારત કતારમાં ફાંસીની સજા પામેલા આપણાં 8 પૂર્વ નેવી સૈનિકોને સજા માફ કરાવી પરત ભારત લાવી શકે છે. વિકાસની સાથે વિશ્વાસ અને આંતરરાષ્ટ્રીય સંબંધોનું મજબૂત થવું, વિકસિત ભારતની નિશાની છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ એ વિકસિત ભારત છે, જે એક સાથે સો કરતાં વધું સેટેલાઈટ અવકાશમાં છોડી શકવાની તાકાત ધરાવે છે. આ એ વિકસિત ભારત છે, જે ચંદ્રના સાઉથ પોલ પર ભારતનો તિરંગો સૌથી પહેલા ફરકાવવાની ક્ષમતા રાખે છે. મંગળ અને સૂર્યની સફરે પોતાના મિશન સફળ રીતે મોકલી શકે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

દેશ આજે બધાં જ સેક્ટરોમાં અપ્રતિમ વિકાસ કરી રહ્યો છે. કૃષિક્ષેત્ર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે, એવીએશન, ફાર્મા, પરિવહન, હેલ્થ, ગ્રામવિકાસ, સામાજિક, આર્થિક ડેવલોપમેન્ટ, એજ્યુકેશન, વિજ્ઞાન, અવકાશ, સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં ભારતે અસાધારણ વિકાસ કર્યો છે. છેલ્લા દસ વર્ષમાં કેન્દ્રમાં સ્થિર સરકાર અને છેલ્લા અઢી દાયકાથી રાજ્યમાં સ્થિર સરકાર હોવાના કારણે રાજ્ય અને દેશે ખૂબ ઝડપી વિકાસ કર્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત, પ્રજાકલ્યાણની વિવિધ યોજનાઓનો વ્યાપ, પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓ સુધી પહોચાડી શકાય અને આ યોજનાઓનો સીધો લાભ છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચી શકે, એ માટે લોકોમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી ભારત સરકાર દ્વારા "વિકસીત ભારત સંકલ્પ યાત્રા –2023" નું આયોજન કરવામાં આવ્યું હતું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં આ યાત્રાનો પ્રારંભ તા.15 નવેમ્બર 2023ના રોજ જનજાતિ ગૌરવ દિવસના થયો હતો. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ઝારખંડથી પોતાના વરદ્ હસ્તે આ યાત્રાનો આરંભ કરાવ્યો હતો. આ યાત્રા તા.25 જાન્યુઆરી 2024 સુધી ચાલી હતી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભારતને વિકસિત બનાવવા તથા પ્રત્યેક નાગરિકને વિકાસમાં જોડવાનું કામ કરવા સાથે સરકાર આજે સૌને સમાન તકો ઉપલબ્ધ થાય અને છેવાડાના માનવીને યોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે અનેક યોજનાઓ ચલાવી રહી છે. જેમાની એક પ્રમુખ યોજના છે "આયુષ્યમાન ભારત યોજના."

**માનનીય અધ્યક્ષશ્રી,**

આયુષ્યમાન ભારત યોજના સામાન્ય આર્થિક પરિસ્થિતિવાળા પરિવારો માટે રૂપિયા 10 લાખ સુધીનું એક પ્રકારનું વાર્ષિક સ્વાસ્થ્ય વિમા કવરેજ છે. જેમાં 5 લાખનું કવરેજ ભારત સરકાર અને 5 લાખનું કવરેજ ગુજરાત સરકાર આપે છે. મને કહેતા આનંદ થાય છે કે દેશભરમાં આ યોજના થકી 50 કરોડ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ યોજના વિશ્વની સૌથી મોટી સરકાર દ્વારા ચલાવવામાં આવતી સ્વાસ્થ્ય વિમા યોજના છે. મારા અમરેલી જિલ્લાની વાત કરું તો જિલ્લાની 531 ગ્રામ પંચાયતોમાં આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરી અહીં 100 ટકા સેચ્યુરેશન પ્રાપ્ત કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આયુષ્યમાન ભારત કાર્ડથી સામાન્ય માનવીને શું મદદ મળે છે ? તેનો દાખલો મારે ગૃહના માધ્યમથી સૌને આપવો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના પ્રતાપપરા ગામ કે જે મારા મત વિસ્તારનું ગામ છે. ત્યાંના કેન્સરના દર્દી શ્રી કરશનભાઇ મંગળભાઇ મેવાડાની સારવાર આયુષ્યમાન ભારત કાર્ડ હેઠળ અમદાવાદ ખાતે સંકુલ હોસ્પિટલમાં થઇ, જેનું ૮ લાખનું બીલ આયુષ્યમાન ભારત કાર્ડ હેઠળ મંજૂર થયું.

**માનનીય અદ્યક્ષશ્રી,**

આજે આ દર્દી પોતાના એકપણ રૂપિયાના ખર્ચ વિના, સાજા થઈને ગામમાં આરામથી હરીફરી શકે છે અને સુખીથી જીવન જીવી શકે છે. આ છે વિકસિત ભારતની તસવીર. આ છે આયુષ્યમાન ભારત યોજનાની તાકાત. આ છે પ્રજા માટે કામ કરતી સરકારનું જીવંત દ્દષ્ટાંત.

**માનનીય અદ્યક્ષશ્રી,**

"પ્રધાનમંત્રી ઉજવલા યોજના" પણ દેશના સામાન્ય માણસો માટે આશીર્વાદ રૂપી યોજના બની રહી છે.

આ યોજના, કે જેના થકી સામાન્ય પરિવારની મહિલાઓને મફ્ત એલ.પી.જી. ગેસ જોડાણ આપવામાં આવે છે. મારા મત વિસ્તાર અમરેલીની વાત કરું તો, અમરેલી જિલ્લામાં ૨૫૨૮ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"પી. એમ. કિસાન સન્માન નિધિ" યોજના કે જેના અંતર્ગત ખેડૂતોને વાર્ષિક રૂ. 6000ની સહાય મળવા પાત્ર છે. જેનો લાભ મારા મતવિસ્તારના લાયક ખેડૂતોને મળી રહે, તે માટે જિલ્લાની ૩૭૩  જેટલી ગ્રામ પંચાયતમાં આ યોજનાનું પણ ૧૦૦ ટકા સેચ્યુરેશન પ્રાપ્ત કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"હર ઘર જલ જીવન મિશન" યોજના કે જેના થકી દરેક ઘરોમાં સુરક્ષિત અને જરૂરિયાત મુજબનું પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવે છે. આ યોજનાનું પણ મારા મતવિસ્તારના  જિલ્લાની ૬૦૧ જેટલી ગ્રામ પંચાયતમાં  ૧૦૦ ટકા સેચ્યુરેશન પ્રાપ્ત કરવામાં આવેલ છે.

**માનનીય અદ્યક્ષશ્રી,**

મારા મત વિસ્તારના જિલ્લામાં "સુરક્ષા વિમા યોજના" અંતર્ગત કુલ ૯૯૪૭ જેટલાં લાભાર્થીઓ તેમ જ "જીવન જ્યોતિ વીમા" યોજના હેઠળ કુલ ૬૩૮૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. "સ્વચ્છ ભારત મિશન યોજના" કે જેના દ્વારા ગ્રામ્ય કક્ષાના પાત્રતા ધારાવતા લાભાર્થીઓને શૌચાલય બનાવવા માટે ઘર દીઠ રૂ. ૧૨૦૦૦ ની સહાય આપવામાં આવે છે. જેના સફળ અમલ થકી બધા જ ગામડાઓ ખુલ્લામાં શૌચમુક્ત થયા છે.

**માનનીય અદ્યક્ષશ્રી,**

મારા મત વિસ્તારના અમરેલી જિલ્લાની કુલ ૪૮૫ જેટલી ગ્રામ પંચાયતો "વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ" દરમિયાન ખુલ્લામાં શૌચમુક્ત જાહેર થયેલ છે. "મેરી કહાની મેરી જુબાની" અંતર્ગત મારા મત વિસ્તારના જિલ્લાના ૨૭૦૫ જેટલા લાભાર્થીઓએ પોતાના યોજનાકીય લાભ અંગેના ખૂબ જ સંતોષકારક પ્રતિભાવો આપેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સતત કૃષિ પ્રોગ્રામ હેઠળ "સોઇલ હેલ્થ કાર્ડ" યોજના હેઠળ જમીનના આરોગ્યની ચકાસણી વૈજ્ઞાનિક રીતે કરવામાં આવે છે. જેના થકી ખેડૂતો વધારે ઉપજ મેળવવા માટે તેમની જમીનનું અલગ અલગ પ્રકારે ખેતીવિષયક પરીક્ષણ કરાવી શકે છે અને એ મુજબના પાકોનું વાવેતર કરી, વધું ઉત્પાદન મેળવી શકે છે. આ યોજના હેઠળ જિલ્લાની ૫૩૪ ગ્રામ પંચાયતમાં "સોઇલ હેલ્થ કાર્ડ"નું ડેમોસ્ટ્રેશન પણ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમમાં રાજ્ય સરકારનાં માન.મંત્રીશ્રીઓ, માન.સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પ્રભારી સચિવશ્રીઓ, વિવિધ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓએ જુદા–જુદા જિલ્લાઓમાં હાજર રહેલ હતા. આ કાર્યક્રમ થકી કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ, પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી પહોંચે, તે માટે રાજ્યનું સમગ્ર વહીવટીતંત્ર સતત પ્રયત્નશીલ રહ્યુ હતું. આ માટે પ્રચાર–પ્રસાર, પાત્રતા ધરાવતાં લાભાર્થીઓની નોંધણી કરવી અને જુદી–જુદી યોજનાઓ થકી જનતાની આર્થિક અને સામાજિક પ્રગતિને ઉજાગર કરવી , જેવી બાબતે કામગીરી કરવામાં આવેલ. સાથો સાથ આ કલ્યાણકારી યોજનાઓ હેઠળ મળવાપાત્ર સહાયનું વિતરણ પણ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

ગ્રામ્ય કક્ષાએ ગ્રામજનો દ્વારા પણ જનજાગૃતિનાં કાર્યક્રમો, સામુદાયિક પ્રવૃત્તિઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવેલ તથા ગ્રામ પંચાયત કક્ષાએ એલ.ઈ.ડી સ્ક્રીનવાળી મોબાઈલ વાન મારફત સરકારશ્રીની જુદી–જુદી યોજનાઓની માહિતી, સક્સેસ સ્ટોરી વગેરે દ્વારા લોકજાગૃતિનાં કાર્યક્રમો કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સમગ્ર રાજ્યનાં ૩૩ જિલ્લાઓ તેમ જ ૧૪૬૧૯ ગ્રામ પંચાયતોમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમ યોજવામાં આવેલ. માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા આ કાર્યક્રમ દરમિયાન સમયાંતરે લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરી, જીવંત પ્રસારણ દ્વારા લોકો સાથે સીધો સંવાદ કરેલ. જેમાં સરકારી યોજનાઓથી વંચિત (લેફ્ટ–આઉટ) લાભાર્થીઓને યોજનાઓનાં લાભ પહોંચાડવા ઉપસ્થિત લોકોને આહવાન કરવામાં આવેલ છે. તથા કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ સેચ્યુરેશન લેવલ પર લાવવા ભાર મુકવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"વિકસિત ભારત સંકલ્પ યાત્રા–૨૦૨૩"માં તા.૨૫/૦૧/૨૦૨૪ સુધીમાં કુલ ૧૪૬૧૯ ગ્રામ પંચાયત સુધી પહોંચી, કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ છે. મારા મતવિસ્તારના અમરેલી જિલ્લામાં 2,42, 528ની જન ભાગીદારી નોંધાયેલ. તે પૈકી 2,13,933 લોકોએ સંકલ્પ લીધેલ. હેલ્થ કેમ્પમાં આરોગ્યની ચકાસણી કરેલ વ્યક્તિઓની સંખ્ય ૧૩૦૩૯૬ હતી. TB ની ચકાસણી કરેલ વ્યક્તિઓની સંખ્યા ૧,૨૧,૯૫૪ ની હતી. સિકલ સેલની ચકાસણી કરેલ વ્યક્તિઓની સંખ્યા ૧૭૮૯ હતી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

પ્રધાનમંત્રી ઉજવલા યોજના (PMUY) હેઠળ થયેલ રજીસ્ટ્રેશન 2528 નું હતું અને વિવિધ પ્રકારનાં એનાયત કરાયેલ એવોર્ડની સંખ્યા ૩૦૪૨ હતી.

"ધરતી કહે પુકારકે" કાર્યપ્રદર્શનોની સંખ્યા ૫૯૯ જેવી હતી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર સામાન્ય માનવીના સર્વાંગી વિકાસ અને સુખાકારી માટે કામ કરતી સરકાર છે. રાજ્યની વિકાસ યાત્રામાં તમામ નાગરિકોની ભાગીદારીના ધ્યેયને સ્વીકારીને સરકાર આગળ વધી રહેલ છે. વિશાળ જનસમુદાયના હિતને હંમેશા અગ્રતા આપી, કરવામાં આવેલી આ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ને લીધે રાજ્યના વિકાસની સામાન્ય પ્રજાજનને સાચી અનુભૂતિ થઇ છે.

**માનનીય અદ્યક્ષશ્રી,**

સરકાર સામાન્યજનની પડખે છે એવો અહેસાસ પ્રજાને થાય તેવુ દાયિત્વ મારી સરકારે નિભાવ્યુ છે. અંતમાં એટલું જ કહીશ કે, ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. એટલે એને વધું મજબૂત બનાવવાની આપણા સહુની જવાબદારી છે. આ જવાબદારી નિભાવવાના સરકારના પ્રયત્નોને હું બિરદાવું છું અને આ પ્રયાસોને મારું સમર્થન આપું છું.

**જય જય ગરવી ગુજરાત.**